# ગુજરાત સરકારના મહિલા સશક્તિકરણ અને ભ્રષ્ટાચારનો પરપોટો ફૂટયો

## મોડાસાના મેઢાસણ ગામના મહિલા સરપંચે સત્તા છોડી કે છોડવા મજબૂર બનાવાયા

મોડાસા, તા. ૧૦

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રાજકીય ક્ષેત્રે ખૂ જ જાણીતા મેઢાસણ ગામના પ્રથમ મહિલા સરપંચે રાજીનામુ ધરી દેતા મેઢાસણ પંથક અને સમગ્ર જિલ્લા આ ઘટનાથી ખળભળાટ મચ્યો છે. ત્યારે રાજ્યના પ્રથમ મુખ્યમંત્રીનો યશ આનંદીબેન પટેલને જાય છે. તેમ મેઢાસણ ગામના પ્રથમ મહિલા સરપંચ તરીકેનો યશ ઈજુબેન પટેલને જાય છે. પરંતુ મહિલા હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

આધારભૂત સુત્રોના જણાવ્યા અનુસાર ગામમાં ગુજરાત રાજ્ય સરકાર દ્વારા ફળવાયેલી ગ્રાન્ટમાંથી મેઢાસણ ગામના રસ્તા ઉપર બની રહેલા રોડના કામોમાં પોતાની ખાઈકી જોઈ રહેલા સભ્યોને તેમની મનમાની કરવા ન મળતા મહિલા સરપંચને જુદી જુદી પદ્ધતિથી દબાણ લાવવા આખરે મહિલા સશક્તિકરણની હાર થઈ હોય તેમ કંટાળીને ભ્રષ્ટાચારીઓએ અને સત્તાવાદીઓએ સામે પોતાના શસ્ત્રો મુકી રાજીનામુ ધરી દેતાં મેઢાસણ ગામમાં ખળભળાટ મચી ગયો હતો. જયારે ચૂંટાયેલા સભ્યો દ્વારા રાજીનામુ પાછું ખેંચવા માટે મહિલા સરપંચને મનામણા કરવામાં આવી રહ્યા છે. પરંતુ ઘોડા છુટી ગયા પછી તબેલાને તાળા મારવા જેવું ઘાટ સર્જાયો છે.


(તસવીર : જય અમીન, મોડાસા)

મેઢાસણ ગામના પ્રથમ મહિલા સરપંચના સંપર્ક સૂત્રોના જણાવ્યા અનુસાર મહિલા સરપંચે રાજીનામુ ઘરકામના ભારણને કારણે રાજીનામું આપવાનું ઉલ્લેખ કર્યો હતો. પરંતુ મહિલા સરપંચનો સરપંચે એકાએક રાજીનામુ આપી દેતા મહિલા સશક્તિકરણના દાવા પોકળ સાબીત થઈ રહ્યા છે તેમ લાગી રહ્યું છે. મોડાસા તાલુકાના મેઢાસમ ગામમાં યોજાયેલી ગ્રામ્ય સ્વરાજની ચૂંટણીમાં સરપંચ તરીકે ઈજુબેન પટેલ ઝંપલાવતાં ગામમાં ખળભળાટ મચી ગયો હતો. ત્યારે ગામ લોકોએ અને મેઢાસણ ગ્રામ પંચાયતમાં સમાવિષ્ટ ગામડાઓએ ઈજુબેનને ખોબલે ખોબલા ભરી મત આપી ભવ્ય વિજયી બનાવ્યા હતા.

ત્યારે મેઢાસણ ગામના મહિલા સરપંચ ઈજુબેન પટેલ ગ્રામજનોનો વિશ્વાસ યથાર્થ કરાવતાં સત્તા સંભાળી હતી. સાથે જ ગામમાં વિકાસના કામો શરૂ કરવાની સાથે જ મેઢાસણ ગામની વિકાસલક્ષી અને ભ્રષ્ટાચાર મુક્ત પંચાયત તથા ગામના દરેક સમાજ સાથે લઈ સમરસતા વાતાવરણ ઉભુ કરતા પ્રથમ મહિલા સરપંચની પ્રામાણિકતા સામે કેટલાક વિઘ્ન સંતોષી અને ભ્રષ્ટાચારની મેલી મુરાદ ધરાવતા ચૂંટાયેલા સભ્યોએ મહિલા સરપંચને આડકતરી રીતે હેરાન-પરેશાન કરવામાં આવતા સમાજ બહોળો હોવાથી અને સામાજીક સમસ્યાઓ આડખડી રૂપ ન બને તેવા હેતુથી ઘરકામના ભારણમાં રાજીનામુ ઉલ્લેખ કર્યો હોવાનું જાણવા મળી રહેલે છે.

ગુજરાત રાજ્યના પ્રથમ મહિલા મુખ્યમંત્રી દ્વારા સ્ત્રી સશક્તિકરણ કરવા રાજકીય ક્ષેત્રમાં ૫૦ ટકા મહિલાઓની સરખી ભાગીદાર બનાવવા અથાગ પ્રયત્નો કરી રહ્યા છે. ત્યારે મહિલા સરપંચે પુરૂષ જાતિ સાથે હાર સ્વીકારતાં રાજીનામુ ધરી દેતા મહિલા સશક્તિકરણનું મેઢાસણ ગામમાં પરપોટા ફૂડી જતાં મહિલા સમોવડી અને સશક્તિકરણ મોટી મોટી જાહેરાતો પોકળ સાબિત થઈ રહી છે. જ્યારે મેઢાસણ ગામના ગ્રામજનો અને ગ્રામ પંચાયતોમાં સમાવિષ્ટ પ્રજાજનોમાં મેઢાસણ ગામમાં પ્રથમ મહિલા સરપંચ ઈજુબેન લખાભાઈ પટેલ રાજીનામુ પાછુ ખેંચી લઈ ફરીથી ગામની, ગ્રામ પંચાયતની સત્તા સંભાળી ગામનું વિકાસ ગતિ તેજ બનાવવાની સાથે સામાજીક સમરસતા જળવાય તેવા ઉમદા પ્રયત્નો કરે તેવું ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.

### ગાંધીનગરના રેન્જ આઈ જી હસમુખ પટેલ દ્વારા

# અરવલ્લી જીલ્લામાંથી જનરક્ષક યોજનાનો પ્રારંભ કરાયો

## આ યોજનામાં જોડાયેલા યુવાનોનો ૧ લાખ રૂપીયાનો અકસ્માત વીમો તેમજ ૨૦,૦૦૦ હજારનો મેડીકલેઈમ

મોડાસા, તા.૧૬

અરવલ્લી જીલ્લામાં આજે ગુજરાત રાજયમાં સીંઘમના નામથી જાણીતા અને જેના નામ માત્રથી ગુનેગારોનુ પેશાબ છુટી જાય છે તેવા ગાંધીનગર રેન્જ આઈ.જી. હસમુખ પટેલ ધ્વારા આજરોજ અરવલ્લી જીલ્લામાં જનરક્ષક યોજનાનો પ્રારંભ કરાયો હતો અને લોકોની સમસ્યા સાંભળવા માટે મોડાસા કોલેજ કેમ્પસમાં આવેલ ભામાશા હોલમાં એક લોક દરબારનુ આયોજન કરવામાં આવ્યુ હતુ.

ગાંધીનગરના રેન્જ આઈ.જી. હસમુખ પટેલ જયારે સુરત ખાતે ફરજ બજાવતા હતા ત્યારે તેમને આ જનરક્ષક યોજનાનો વિચાર આવ્યો હતો. જે યોજનાનો તેમણે નવસારી ખાતેથી પ્રારંભ કરાવ્યો હતો અને ત્યા આ જન રક્ષક યોજનાનો સારો એવો ફાયદો થયો હતો. ત્યાર બાદ તેમણે


(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ગાંધીનગર રેન્જ આઈ.જી. તરીકે ચાર્જ સંભાળ્યા બાદ ગાંધીનગર રેન્જમાં આવતા જીલ્લાઓમાંથી સૌ પ્રથમ અરવલલી જીલ્લામાંથી આ યોજનાનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ યોજના હેઠળ દરેક તાલુકામાંથી પોલીસ સ્ટેશન દીઠ કેટલાક યુવાનોને સામેલ કરવામાં આવશે. જેમાં આ યુવાનોને યલો ટી શર્ટ ડ્રેસ કોર્ડ તરીકે આપવામાં આવશે. જયારે આ જનરક્ષક યોજનામાં જોડાયેલ તમામ યુવાનો રાત્રી દરમ્યાન પોલીસ પેટ્રલીગમાં સાથે રહેશે અને તેમને ખર્ચા પેટે ૨૦ રૂ આપવામાં આવશે. જયારે આ યોજનામાં જોડાયેલા યુવાનોનુ ૧ લાખ રૂપિયાનો અકસ્માત વિમો તેમજ ૨૦૦૦૦ હજાર રૂપીયાનો મેડીકલેમ વિમો લેવામાં આવશે. આજરોજ અરવલ્લી જીલ્લા ખાતે ગાંધીનગર રેન્જ આઈ.જી. હસમુખ પટેલ અને જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાની ઉપસ્થીતીમાં આ જનરક્ષક યોજનાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ યોજનામાં અરવલ્લી જીલ્લામાંથી ૧૧ પોલીસ મથકોમાં ૫૧૭ જેટલા જનરક્ષક યુવાનો જોડાયા હતા. ત્યારબાદ સાજે રેન્જ આઈ.જી. હસમુખ પટેલ સાહેબની સુચનાથી અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડા ધ્વારા લોક દરબાર યોજવામાં આવ્યો હતો. જેમાં ટ્રાફીકની સમસ્યાનો પ્રશ્ન મુખ્ય રહયો હતો.

જેમાં અરવલ્લી જિલ્લા પોલીસ વડાએ જનતાનો તેમજ લાગતા-વળગતા તમામ ડીપાર્ટમેન્ટનો સાથ સહકાર માંગ્યો હતો. ત્યારે આ ટ્રાફીકની સમસ્યા હલ થયા તેમ છે જયારે આ લોક દરબારમાં જનતાની કેટલીક સમસ્યાઓનુ અરવલ્લી જીલ્લા પોલીસ વડાએ સ્થળ પર જ અરજી લઈ તે અરજીનો લાગતા-વળગતા પીએસઆઈને આપીને તેનો તરત જ નીકાલ કરવા જણાવ્યુ હતુ. આ લોક દરબારમાં અરવલ્લી જીલ્લા ડીવાય એસ. પી. કીશોર બડોલીય એલસીબી પી.આઈ. પી. કે. પટેલ તેમજ એસઓજી પીઆઈ સગર તેમજ મોડાસા ટાઉન પીઆઈ કે. જે. ચૌધરી બાયડ સીપીઆઈ બેન્કર તેમજ તાલુકાના દરેક પોલીસ સ્ટેશનના થાણા અધિકારી અને મોટી સંખ્યામાં લોકો ઉપસ્થીત રહયા હતા.

### શહિદ અર્જુનસિંહનુ સ્મારક બનાવવા રેન્જ આઈજી સમક્ષ રજુઆત કરાઈ

અરવલ્લી જિલ્લાની મુલાકાતે આવેલા રેન્જ આઈજી સમક્ષ આજે સર્કીટ હાઉસ ખાતે શામળાજીના કેટલાક નવ યુવાનો ધ્વારા બુટલેગરની કારની ટકકરે મોતને ભેટેલા અર્જુનસિંહ વાળાનુ સ્મારક બનાવવા રજુઆત કરવામાં આવી હતી તેમજ આ સ્મારકની જાળવણી માટે યુવાનો ધ્વારા એક એન.જી.ઓ. બનાવી અને સ્મારકની કાયમી ધોરણે જાળવણી કરવામાં આવશે તેવુ લેખિતમાં બાહેધરી પત્ર આપવામાં આવ્યુ હતુ.

### જિલ્લામાં ૬ નવી ચેકપોસ્ટો ઉભી કરવામાં આવશે

રાજસ્થાનમાંથી ગુજરાત રાજયમાં દારૂ ના ધુસાડાય તે માટે રાજસ્થાનની સરહદને અડીને આવેલી ચેક પોસ્ટો જેવી કે મેઘરજ, ઈસરી અને કાલીયાકુવા ખાતે રતનપુર જેવી ૬ નવી ચેક પોસ્ટો બનાવાની સરકાર સમક્ષ દરખાસ્ત કરી દેવામાં આવી છે તેવુ અરવલ્લી જીલ્લા પોલીસ વડા મયુરસિંહ ચાવડાએ જાણાવ્યુ હતુ.


### પ્રાંતિજમાં વિજપુરવઠો બંધ રહેતા લોકો ગરમીમાં શેકાઈ ગયા

પ્રાંતિજ, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે વિજપુરવઠો બંધ રહેતા લોકો ગરમીમાં શેકાઈ ગયા જ્યારે ઓફીસોમાં પણ લાઈટ બંધ છે જેવા બોર્ડ લાગી જતા બેંકીંગ સેવાઓ તથા કચેરીઓમાં કામકાજ ઠબ થઈ જતાં લોકો યંત્રયુગમાં નિશાસો નાખી ગરમીમાં પરત ફર્યા હતા.

પ્રાંતિજ ખાતે મંગળવારના રોજ વિજકંપની દ્વારા આવનાર દિવસોમાં ચોમાસાને ધ્યાનમાં લઈ વૃક્ષ ફલન કાર્યક્રમને વિજ વાયરો લટકતાં જુલતા વાયરોને લઈને બે દિવસ અગાઉથી જ પ્રાંતિજ વિજકંપનીના પ્રાંતિજના એન્જીનિયર ઉપાધ્યાયએ વિજપુરવઠો બંધ રહેશે તેવી જાણ કરી હતી.

જ્યારે એક બાજુ વાદળછાયુ વાતાવરણ અને બીજી બાજુ ગરમી અને વરસાદનો બફારો થતાં વિજપ્રવાહ વગર લોકો ગરમીમાં સેકાઈ ગયા હતા. જ્યારે વેપારીઓ પણ બજારમાં હાથમાં પુઠા લઈને પવન ખાતા જોવા મળ્યા હતા. ત્યારે વિવિધ કચેરીઓમાં પણ લાઈટ નથી કામકાજ બંધ છે જેવા બોર્ડ જોવા મળ્યા હતા. લોકોના કામ વિજપુરવઠા વગર અટવાઈ પડ્યા હતા ત્યારે બેંકોમાં પણ લેવડ-દેવડમાં હાલાકીઓ ભોગવવાનો વારો આવ્યો હતો અને બેંક વાયદાઓ ખોટા પડ્યા હતા. લોકો લીમડાના ઝાડ કે ગુલમહોરના ઝાડ નીચે છાયળામાં વાતાવરણમાં બેઠેલ કુદરતી પવન ખાતા જોવા મળ્યા હતા. આમ વિજપુરવઠા વગર બે બે એસીના માલિકો પણ ગરમીમાં શેકાઈ ગયા હતા.


અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોટી ઈસરોલ ગામે મોટેશ્વર મહાદેવના પટાંગણમાં આજે પક્ષીઓના ચણ માટે ચબુતરાનું ઉદ્ઘાટન કરવામાં આવ્યુ હતુ. ગોધમજીના શ્રીમદ જેસીંગબાપાની પ્રેરણાથી દરેક ગામોમાં પંખીઓના ચણ માટે સુવિધા પુરી પાડવામાં આવે છે. મોટી ઈસરોલના ગ્રામજનોએ યથાશક્તિ મુજબ પંખીઓને ચણ ચબુતરામાં નાખવા માટે નિશ્ચય કર્યો હતો. (તસવીર : બાબુભાઈ પટેલ, વડાગામ)

# ખેડબ્રહ્મામાં ગુમાસ્તાધારાના ભંગ બદલ ચીફ ઓફીસરનો સપાટો

ખેડબ્રહ્મા, તા.૧૦

ખેડબ્રહ્મા શહેરમાં સોમવારે અઠવાડીક રજા એ દુકાન ખુલ્લી રાખી ગુમાસ્તાધારાનો ભંગ કરવા માટે ૮૨ દુકાદારોને દંડ ભરવા નોટીસ ફટકારી ચીફ ઓફીસરે સપાટો બોલાવતાં વેપારી આલમમાં સન્નાટો પ્રસરી જવા પામ્યો છે.

ખેડબ્રહ્મા શહેરમાં ગુજરાત શોપ્સ અને એસ્ટાબ્લીશમેન્ટ એકટ હેઠળ દુકાનો-પેઢીઓ સંસ્થાઓએ નોંધણી પ્રમાણપત્ર લેતી વખતે અઠવાડીક રજા નોંધાવવી ફરજીયાત છે. ખેડબ્રહ્મા શહેરમાં મોટા ભાગના વેપારીઓને સોમવારે દુકાનો બંધ રાખવા જણાવ્યુ છે. ખેડબ્રહ્મા શહેરમાં મોટા ભાગે વેપારીઓ સોમવારે દુકાન ખુલ્લી રાખતા હોવાની બુમ ઉઠવા પામી હતી અને જે સંદર્ભે ખેડબ્રહ્મા કરીયાણા એસોસીએશનના પ્રમુખે પાલિકામાં લેખિત રજુઆત કરી હતી જેથી સોમવારે પાલિકાના ચીફ ઓફીસર ડી.એલ. ભાટીયાએ સ્ટાફને સાથે રાખી સપાટો બોલાવ્યો હતો અને શહેરમાં રૂબરૂ મુલાકાત લેતાં ૮૨ દુકાનો ચાલુ હાલતમાં જોવા મળી હતી આ ૮૨ દુકાનદારોને ગુમાસ્તાધારાનો ભંગ કરવા બદલ રૂ. ૨૫૦નો દંડ બે દિવસમાં ભરી જવા નોટીસો ફટકારવામાં આવી છે. દંડ ન ભરતા નોંધણી પ્રમાણપત્ર રદ કરવા તાકીદ કરવામાં આવી છે અને પ્રથમ વખતની ભૂલ અંગે રૂ. ૨૫૦ અને બીજી ભૂલ થવાના પ્રસંગે રૂ.૫૦૦નો દંડ વસુલ લેવાની પણ નોટીસમાં જાણ કરવામાં આવી છે.

# ખેડબ્રહ્મા તાલુકા પંચાયતના બધા સિમાંકનમાં પણ આદિવાસી સમાજનો દબદબો રહેશે

ખેડબ્રહ્મા, તા. ૧૦

સાબરકાંઠા જિલ્લાના ખેડબ્રહ્મા તાલુકામાં જિલ્લા પંચાયત અને તાલુકા પંચાયતની બેઠકો પર નવા સિમાંકન પ્રમાણે ચૂંટણી યોજાશે. જિલ્લા પંચાયતમાં ખેડબ્રહ્મા તાલુકાની ચાર બેઠકો જાળવવામાં આવી છે, જયારે તાલુકા પંચાયતમાં ૨૩ બેઠકોમાંથી ૨૦ બેઠકો કરવામાં આવી છે. આ ૨૦ બેઠકોમાં સાત આદિજાતિ સ્ત્રી સહીત ૧૩ બેઠકો આદિજાતિને ફાળવવામાં આવી છે તેથી તાલુકા પંચાયતમાં આદિવાસી સમાજનુ પોશીના તાલુકો અલગ થવા છતાં પ્રભુત્વ જળવાઈ રહેશે.

આ અંગે ખેડબ્રહ્મા નાયબ મામલતદાર પી.બી. જોષીના જણાવ્યા અનુસાર નવા જાહેર થયેલા સિમાંકન અનુસાર જિલ્લા પંચાયતમાં તાલુકાની ચાર બેઠકો જાળવી રાખવામાં આવી છે. જેમાં આગીયાની બેઠક, બક્ષીપંચ સ્ત્રી અને બાકીની ૩ બેઠકો આદિજાતિ અનામત જાહેર કરવામાં આવી છે જેમાં ખેડબ્રહ્માની બેઠક આદિજાતિ સ્ત્રી છે. જયારે તાલુકા પંચાયતની ૨૩ બેઠકોમાંથી ૨૦ બેઠકો કરવામાં આવી છે. જેમાં સાત સ્ત્રી અનામત અને ૬ આદિજાતિ અનામત મળી ૧૩ બેઠકો આદિજાતિ અનામત જાહેર કરાઈ છે.

ખેડબ્રહ્મા તાલુકા કોંગ્રેસના આગેવાન જનકસિંહ વાઘેલા તથા નેતાભાઈ સોલંકીના જણાવ્યા અનુસાર નવુ સિમાંકન ચૂંટણી પંચની ગાઈડલાઈન મુજબનુ ગણાવી નવા સિમાંકનથી સંતોષ વ્યક્ત કર્યો હતો.

# મેઘરજ નગરમાં ઉભરાતી ગટરોથી રહીશો ત્રાહિમામ

## પોસ્ટ ઓફિસ, મેઘરજ શાળા નં. ૩ તેમજ જાહેર માર્ગ ઉપર ગંદા પાણીના ઉપદ્રવથી જાહેર જનતા અને સ્થાનિક રહિશો ત્રાહિમામ પોકારી ગયા છે : મેઘરજના પ્રજાજનો દ્વારા ગ્રામ પંચાયતમાં વારંવાર રજુઆત કરવા છતાં પંચાયત દ્વારા કોઈ પગલા લેવાતા નથી

મોડાસા, તા. ૧૦

ભારત સરકાર અને ગુજરાત સરકાર જ્યારે સ્વચ્છ ભારતના સૂત્રો દ્વારા દેશમાં એક નવિ પહેલ ઉભી કરવાની કવાયત હાથ ધરાતી હોય ત્યારે સ્વચ્છતાના નામે મીંડુ હોય તો કેવુ લાગે ? સ્વચ્છતાના નામે સરકાર દ્વારા લાખો રૂપિયાની ગ્રાન્ટ પંચાયતોમાં ફળવાતી હોવા છતાં પણ એક તાલુકા મથકમાં ગંદકી ખદબદતી હોય તો કોના માથે દંડ.

મેઘરજ તાલુકાના મુખ્ય મથક એવા મેઘરજ નગરના પોસ્ટ ઓફિસ અને કોર્ટ રોડ પર રોજના હજારો પ્રજાજનો મેઘરજ નગરના અને આજુબાજુના વિસ્તારના લોકો આવન-જાવન કરે છે. પોસ્ટ ઓફિસ અને તે વિસ્તારમાં આવેલ ગટરોનું પાણી દરરોજ પોસ્ટ ઓફિસના કંપાઉન્ડમાં જ ઠલવાય છે. પરંતુ શાળાઓનું શૈક્ષણિક કાર્ય શરૂ થઈ ગયું છે. ત્યારે જ ગટરોનું પાણી મેઘરજ શાળા નં. ૩ ના કંપાઉન્ડમાં જમા થયુ હોવાથી વગર વરસાદે શાળાના બાળકોને આવા ગંદા પાણીમાં ન છૂટકે પગ મુકીને


(તસવીર : જય અમીન, મોડાસા)

સ્કૂલમાં જવુ પડે છે. જે અંગે મેઘરજ ગ્રામ પંચાયતમાં વારંવાર રજુઆત કરવા છતાં પંચાયતના સત્તાધીશો દ્વારા આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે. મેઘરજ પોસ્ટ ઓફિસમાં છેલ્લા એક વર્ષથી આ જ પરિસ્થિતિ જોવા મળે છે. તેમ છતાં મેઘરજ ગ્રામ પંચાયતને આ ઉકેલ લાવવામાં કોઈ રસ નથી. આવા ગટરોના ગંદા પાણીના કારણે ત્યાંના રહિશો ત્રાહિમામ પોકારી ગયા છે. જો આ બાબતે સત્વરે નિકાલ કરવામાં નહિ આવે તો મોટો રોગચાળો ઉભો થવાનો ભય રહેલો છે. જો ગટરોના ગંદા પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા કરવામાં નહિ આવે તો ના છૂટકે આ વિસ્તારના રહીશોને ઉગ્ર આંદોલન કરવાની ફરજ પડશે.

મેઘરજનગરની પંચવટી સોસાયટીમાં ગ્રામ પંચાયત દ્વારા ગંદા પાણીના નિકાલ માટે ડટણ (ખાડાઓ) બનાવવામાં આવ્યા હતા. જે માત્ર ગણતરીના દિવસોમાંજ ડટણ (ખાડાઓ) ઉભરાઈ જતાં પંચવટી સોસાયટીના રહીશોના મકાનો આગળ ભરાઈ રહેતાં સોસાયટીમાં માથુ ફાટી જાય તેવી દુર્ગંધ મારતી હોવાથી અને ગંદા પાણીથી પંચવટી સોસાયટીમાં રોગચાળો ફાટી નિકળવાની ભીતી સેવાઈ રહી છે. તો મેઘરજ ગ્રામ પંચાયત દ્વારા સોસાયટીના મકાનોમાં ભરાઈ રહેલા ગંદા પાણીનો સત્વરે નિકાલ કરવામાં આવે તેવી રહીશોની માંગ પ્રબળ બની છે.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે-રવિવારે

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD
Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦